| | | | | |
|---|---|---|---|---|
| GJPM010035052023 | દાખલ તારીખ. | ૨૩ | ૧૧ | ૨૦૨૩ |
| | નોંધણી તારીખ. | ૨૩ | ૧૧ | ૨૦૨૩ |
| | ફેસલા તારીખ. | ૧૭ | ૦૩ | ૨૦૨૬ |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |

**આંક–**

**FORM-A**

**<u>પંચમહાલ જીલ્લાનાં મહેરબાન છઠ્ઠા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ગોધરા, જી.પંચમહાલ.</u>**

**(શ્રી.આર.આર.પટેલ, એડીશનલ સેશન્સ જજ)**

**ચુકાદાની તા. ૧૭/૦૩/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર– ૨૧૧ /૨૦૩**

(ગો.ટા. પો.સ્ટે.ના ફર્સ્ટ ગુના રજી.નં.૬૦/૨૦૦૯)

| | |
|---|---|
| ફરીયાદી | **શ્રી સરકાર.** |
| REPRESENTED BY | એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ. |
| આરોપીઓ. | **નં.૧ નિશાર અનવર બદામ,**<br>રહે. રહેમત નગર, જી.ઇ.બી.ની સામે,<br>ગોધરા,પંચમહાલ.<br>**નં. ૨ જુબેર યાકુબ મોહન ,**<br>રહે. ગેની પ્લોટ, ઉમર મસ્જીદ સામે,<br>વેજલપુર રોડ, ગોધરા,પંચમહાલ.<br>**નં.૩ અનવર બસીર હયાત,**<br>રહે. હયાતીની વાડી, શેખલા હાજીની વાડી,<br>વ્હોરા ગ્રાઉન્ડની બાજુમાં,ગોધરા,પંચમહાલ.<br>**નં.૪ રૂપેશકુમાર કાંતીલાલ સોની,**<br>રહે. સોની વાડ, શ્રીમાળી શેરી, ગોધરા,પંચમહાલ. |
| REPRESENTED BY | વ.શ્રી.એચ.કે.સોની,વ.શ્રી.જી.એસ.સામનાણી. |

# FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૧૫/૨/૨૦૦૯ |
| **FIR** ની તારીખ. | ૧૬/૨/૨૦૦૯ |
| ચાર્જશીટ ની તારીખ . | ૨૨/૫/૨૦૦૯ |
| ચાર્જફ્રેમ ની તારીખ. | ૨૪/ ૩/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૧૭/૪/૨૦૨૫ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | – |
| ચુકાદાની તારીખ. | ૧૭/ ૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | |

## <u>આરોપીની માહીતી.</u>

| આરોપીની રેન્ક. | આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 428, Cr.PC ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નિશાર અનવર બદામ, | ૮/૧૦/૨૪ | ૧૧/૧૧/૦૯ | ઈ.પી.કો.ની કલમ–૪૫૭ ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબ. | નિર્દોષ | ના | – |
| ૨. | જુબેર યાકુબ મોહન , | ૮/૧૦/૨૪ | ૧૧/૧૧/૦૯ | | | | |
| ૩. | અનવર બસીર હયાત, | ૮/૧૦/૨૪ | ૧૧/૧૧/૦૯ | | | | |
| ૪. | રુપેશકુમાર કાંતીલાલ સોની, | ૮/૧૦/૨૪ | ૧૧/૧૧/૦૯ | | | | |

## –: ચુકાદો :–

૧. **એ નોંધનીય કે,** આ કામનાં આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ –૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનાનો પોલીસ રીપોર્ટ, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગોધરા શહેર પો.સ્ટે.ના રજી.નં.૬૦/૨૦૦૯ ના સંદર્ભે, સંબંધીત વિ.બીજા એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, ગોધરા સમક્ષ રજુ કરતા સદરહુ કેસ ક્રિ.કે.નં. ૧૧૪૩/૨૦૦૯ થી નોંધાયેલ અને ત્યારબાદ સંબંધીત અદાલત ધ્વારા સદરહુ કેસમાં તમામ પુરાવો નોંધી અને આરોપીઓનું એફ. એસ.નોંધેલ છે અને ફેસલો જાહેર કરવાના તબકકે ટ્રાયલ કોર્ટના ધ્યાને આવેલ કે સદરહુ ગુનાના કામે ઈ.પી.કો.ની કલમ–૪૧૩ નો ગુનો ધ્યાને લેતાં તે ગુનો સેશન્સ કોર્ટને ચલાવવાની સત્તા હોય સંબંધીત ટ્રાયલ કોર્ટે ધ્વારા સદરહુ કામ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૩ ની જોગવાઈ મુજબ સદરહુ કેસ મહે.સેશન્સ જજ, ગોધરા,પંચમહાલ નાઓ તરફ કમીટ કરેલ. જેને સે.કે. નં.૨૧૧/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૪ મુજબ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. આમ, હાલનાં કામનાં આરોપીઓ ઈ.પી.કો.ની કલમ– ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શીક્ષાપાત્ર ગુનામાં આરોપીઓ સદરહુ ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામનાં આરોપીઓએ તા.૧૫,૧૬/૨/૨૦૦૯ ના રોજ રાત્રીના કલાક ૨૪.૦૦ થી ૬.૧૫ વાગ્યા દરમ્યાન મોજે ગોધરા ખાડી ફળીયા, ગાયત્રી નગર સોસાયટીમાં આ કામનાં ફરીયાદી નટવરસીહ રૂપસીહ ચૌહાણના તથા સાહેદોના મકાનના તાળા તોડી ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત અનઅધિકૃત ગૃહ પ્રવેશ કરી તીજોરી તોડી

ફરીયાદીના ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂા.૩૮,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ તથા સાહેદ એન્થોની લુઈસ પરેરા નાઓના ઘરમાંથી તાંબા પિત્તળના વાસણો કીમત રૂા.૧,૧૦૦/- ની ચોરી કરી લઈ જઈ અને આરોપી નં.૪ રૂપેશુકમાર કાંતીલાલ સોની નાઓએ સદર સોના ચાંદીનાં દાગીના અપ્રમાણીકપણે ચોરીનો માલ હોવાનું જાણવા છતાં વેચાણ રાખી ઓગાળી નાંખી તેવો માલ કાયમ લે અથવા આપ-લે કરી પકડાઈ જઈ એક બીજાની મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ- ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**પોલીસ કાર્યવાહી :-**

૩. આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના ગુના અંગેનો પુરતો પુરાવો મળી આવતા, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે ગોધરાના વિધ્વાન બીજા એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી કેસ નં. ૧૧૪૩/૨૦૦૯ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**કોર્ટ કાર્યવાહી :-**

૪. આરોપીઓ વિરુધ્ધનાં ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ, ગોધરાનાં વિધ્વાન બીજા એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ-૨૦૭ અન્વયે ફરીયાદપક્ષનાં આધારભૂત પુરાવાની નકલો આરોપીઓને વિના મૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, અને ત્યારબાદ સંબંધીત અદાલત ધ્વારા સદરહુ કેસમાં તમામ પુરાવો નોંધી અને આરોપીઓનું એફ.

એસ. નોંધેલ છે અને ફેસલો જાહેર કરવાના તબકકે ટ્રાયલ કોર્ટના ધ્યાને આવેલ કે સદરહુ ગુનાનાં કામે ઈ.પી.કો.ની કલમ-૪૧૩ નો ગુનો ધ્યાને લેતાં તે ગુનો સેશન્સ કોર્ટને ચલાવવાની સત્તા હોય સંબંધીત ટ્રાયલ કોર્ટે ધ્વારા સદરહુ કામ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૩ ની જોગવાઈ મુજબ સદરહુ કેસ મહે. સેશન્સ જજ, ગોધરા,પંચમહાલ નાઓ તરફ કમીટ કરેલ. જેને સેશન્સ કેસ નં.૨૧૧/૨૦૨૩ થી રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટને સુપ્રત કરવામાં આવેલ છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૨૬ મુજબ હાલનો કેસ ઓપન કરવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી ઓના વિ.વ.શ્રીની રજુઆતોને ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ-૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબ ગુના સબબ તહોમતનામુ ફરમાવવા માટે પુરતા કારણો જણાતા હોય ક્રિ.પ્રો.કોડની કલમ-૨૨૮(૧)(બી)અન્વયે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે તા.૨૪/૩/૨૦૨૫ ના રોજ આંક-૧૩ થી તહોમતનામુ ફરમાવી આરોપી ઓને વાંચી, સંભળાવી, અનુક્રમે આંક-૧૪ થી ૧૭ સુધી ક્રિ.પ્રો. કોડની કલમ-૨૨૮(૨) મુજબ તેઓનુ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપી ઓએ તેમને ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :-**

**૫.** ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ શંકાથી પર રીતે નિ:શંકપણે પુરવાર કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૧ અન્વયે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

FORM-C

## પ્રોસ્કિયુશન / ડિફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી.

### A. પ્રોસ્કિયુશન :

| રેન્ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 24 | નટવરસીહ રૂપસીહ ચૌહાણ. | ફરીયાદી. |
| PW-2 | 28 | વિજયભાઈ જનકભાઈ પટેલ. | પંચ સાક્ષી. |
| PW-3 | 30 | એન્થોની લુઈસ પરેરા. | અન્ય સાક્ષી. |
| PW-4 | 31 | રોબીન સીરીલભાઈ સોલંકી. | અન્ય સાક્ષી. |
| PW-5 | 32 | સરસવતીબેન નટવરસીહ ચૌહાણ. | અન્ય સાક્ષી. |
| PW-6 | 33 | દલપતસીહ ભુલાજી ડાભી. | પોલીસ સાક્ષી. (ત.ક.અ.) |
| PW-7 | 36 | નાસીરખાન ઉસ્માનખાન પઠાણ. | પંચ સાક્ષી. |
| PW-8 | 39 | અજીતસીહ પ્રતાપસીહ સોલંકી. | પંચ સાક્ષી. |
| PW-9 | 41 | દલપતસીહ ભુલાજી ડાભી. | પોલીસ સાક્ષી. (ત.ક.અ.) |

## પ્રોસ્કિયુશન / બચાવપક્ષ/ કોર્ટના સાક્ષીઓની યાદી.

### A. પ્રોસ્કિયુશન :

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| 1. | 23 | જામીનદારની નોટીસ, તથા મરણનો દાખલો. |
| 2. | 25,26 | ફરીયાદ, તથા કલોઝીંગ પુરસીસ. |
| 3. | 27,29 | પંચ નં.૧ નો મરણનો દાખલો,ગુનાવાળી જગ્યાનું |

| | | |
|---|---|---|
| | | પંચનામુ. |
| 4. | 34,35 | ડેપ્યુટ હુકમ, એફ.એસ.એલ.નો પ્રાથમીક અહેવાલ. |
| 5. | 37,38 | કલમ–૨૭ મુજબનુ પંચનામુ, ક્રાઈમસીન વીઝીટેશન રીપોર્ટ. |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી,અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**B. બચાવપક્ષ :**

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનું.નં. | આંક | વિગત. |
|---|---|---|
| 1. | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનું.નં. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત. |
|---|---|---|
| 1. | 1. | રૂા.૧૦૦/– ના દરની નોટો નંગ–૨૦. |

| | | |
|---|---|---|
| 2. | 2. | રૂા.૧૦૦/– ના દરની નોટો નંગ–૧૦. |
| 3. | 3. | સોનાની રણી. |
| 4. | 4. | ચોસલો. |
| 5. | 5. | સોનાની રણી. |
| 6. | 6. | સોનાની રણી. |

૬. ફરીયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ અને તેઓને પુરાવો આપવો નથી તેવી મૌખીક વિનંતી કરતાં પુરાવો બંધ કરી, સદરહું કેસમાં આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. જેમા આરોપીઓ સામે પડેલ પુરાવો તેની સમક્ષ મુકવામાં આવેલ જે સંદર્ભે દરેક આરોપીએ પોતે કોઈ સાક્ષીને તપાસવા માંગતા નથી કે પોતાનો મૌખીક પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવીને વિશેષમાં એવુ જણાવેલ છે કે,'' અમારી સામે ખોટો કેસ કર્યો છે. અમો નિર્દોષ છીએ.'' આમ, આરોપીઓ તરફે તેઓનાં બચાવમાં કોઈ સાક્ષીઓ તપાસવા નથી એમ જાહેર કરતાં, તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સદરહું કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે દલીલ :–**

૭. ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી. આર.ડી.શુકલ નાઓએ તેમની આખરી દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ ધ્વારા હાલના કેસમાં કુલ–૯ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે તથા તે આધારે દસ્તાવેજો રજુ કરવામા આવેલા છે. ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનુ આક્ષેપીત તહોમત પુરવાર કરવા માટે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે પુરાવાના આધારે ફરીયાદપક્ષ પોતાનો કેસ

અને આરોપીઓ સામેનું આક્ષેપીત તહોમત વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં સફળ રહેલ હોવાની રજુઆત કરેલ છે, જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવાની વિનંતી કરેલ છે.

**બચાવપક્ષ તરફેની દલીલ :–**

૮. આ કામે બચાવપક્ષ તરફેથી વિ.વ.શ્રી. નાઓએ મૌખીક દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે રજુ રાખેલ ઉપરોકત તમામ પુરાવાઓ ઉપરથી આરોપીઓ સામનો આક્ષેપીત તહોમત અને આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વોની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબીત કરવામા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય, જેથી તેનો પુરેપુરો લાભ કાયદાની દ્રષ્ટીએ આરોપીઓને મળવા પાત્ર બની રહેતો હોય, જેથી હાલના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૯. આમ, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો તથા રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તથા વંચાણે લેતા સદરહુ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :–**

| | |
|---|---|
| **૧.** | શું ફરીયાદપક્ષ વ્યાજબી શકાંથી પર સાબીત કરે છે કે, આરોપીઓએ તા.૧૫,૧૬/૨/૨૦૦૯ ના રોજ રાત્રીના કલાક ૨૪.૦૦ થી ૬.૧૫ વાગ્યા દરમ્યાન મોજે ગોધરા ખાડી ફળીયા, ગાયત્રી નગર સોસાયટીમાં ફરીયાદી નટવરસીહ રૂપસીહ ચૌહાણના તથા સાહેદોના મકાનના તાળા તોડી ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત અનઅધિકૃત ગૃહ પ્રવેશ કરી તીજોરી તોડી ફરીયાદીના ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂા.૩૮,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ તથા સાહેદ એન્થોની લુઈસ પરેરા નાઓના ઘરમાંથી તાંબા પિત્તળના વાસણો કીમત રૂા.૧,૧૦૦/– ની ચોરી કરી લઈ જઈ અને આરોપી નં.૪ રૂપેશુકમાર કાંતીલાલ સોની નાઓએ સદર સોના ચાંદીનાં દાગીના અપ્રમાણીકપણે ચોરીનો માલ હોવાનું જાણવા છતાં વેચાણ રાખી ઓગાળી નાંખી |

| | |
|---|---|
| | તેવો માલ કાયમ લે અથવા આપ–લે કરી એક બીજાની મદદગારી કરી ઈ.પી.કો.ની કલમ– ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે ? |
| **૨.** | શું હુકમ ? |

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧.** | નકારમાં. |
| **૨.** | આખરી હુકમ મુજબ. |

**નિર્ણય અંગેના કારણો :**

**૧૧.** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપીઓ ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપી ઓએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીઓના મૌનને કારણે કોઈ વિરુધ્ધનું અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ''(૧૯૭૩)(૨)એસસીસી પાન નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી

છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતે આરોપીઓ તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપીઓ તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીઓએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપીઓ વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીઓએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપીઓ ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**૧૨. મુદ્દા નં. ૧ :–**

હાલનાં મુદ્દામાં સમાવિષ્ટ હકીકતો સંદભે ફરીયાદપક્ષે, આક્ષેપીત બનાવ બન્યા બાદ તુરંત જ કુદરતી ક્રમમાં બનેલ ઘટનાનું વર્ણન ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કરેલ છે, તેના અનુસુધાંને આરોપીઓએ ઈ.પી. કો.ની કલમ–૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનું, પોતાના પુરાવાનાં આધારે વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનું રહે છે.

ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું આક્ષેપીત તહોમત પુરવાર કરવા માટે આંક–૨૪ થી ફરીયાદીને તથા તેઓની પત્ની સાહેદ સરસ્વતીબેન નટવરસીહ ચૌહાણ નાઓને આંક–૩૨ થી તપાસવામાં આવેલ

છે. જેઓએ પોતાની જુબાની દરમ્યાન આંક–૨૫ થી પોતાની ફરીયાદ રજુ કરેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં સને–૨૦૦૯ ની સાલમાં વૈશાખ માસમા તેમના ભત્રીજા જીગ્નેશ પ્રવીણસીંહ ચૌહાણનાઓનું દેવગઢ બારીયા મુકામે લગ્ન હોય તેમના પોતાના મકાનને લોક કરી તેમના પરીવાર સાથે દેવગઢ બારીયા ગયેલ હતા. બીજા દિવસે તેમનો દીકરો રાકેશ ગોધરા તેમના નિવાસ સ્થાને પરત ફરતા તેઓએ તેમનુ મકાન ખુલ્લુ જોયેલ, અને બધા રૂમ ખુલ્લા જોયેલા, અને તીજોરીઓ ખુલ્લી જોયેલી, જેથી તેઓને ટેલીફોનથી જાણ કરેલી. ત્યાર બાદ તેઓ પોતાના ઘરે આવી તપાસ કરતાં તેઓનું ઘર ખુલ્લુ તથા વેરવિખેર હાલતમાં જોતાં તેઓના ઘરમાં ચોરી થયેલ અને તેઓની ફરીયાદમાં જણાવ્યા મુજબના દાગીના અને રોકડ રકમની ચોરી થયેલ હતી. વધુમાં બનાવનાં દિવસે આંક–૩૦ વાળા સાહેદ એન્થોની લુઈસ પરેરાને ત્યાં પણ ચોરી થયેલ અને બનાવ વખતે તેઓ વડોદરા મુકામે હતા અને રોબીનભાઈએ ફોન કરતા ચોરી થયેલ છે તેવુ જાણેલ અને આવીને જોયેલ તો તેમના ઘરમાથી વાસણોની ચોરી થયેલી. વધુમાં ફરીયાદપક્ષે સાહેદ એન્થોની લુઈસ પરેરાને ફોનથી જાણ કરેલ તે સાહેદ રોબીન ભાઈ સીરીલભાઈ સોલંકીને આંક–૩૧ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો તેઓનાં જણાવ્યા મુજબ સોબીનાબેન તેમના પાડોશી છે અને તેઓ સવારનાં સાડા પાંચ વાગે ઉઠેલ ત્યારે તેઓના ઘરનો દરવાજો ખુલ્લો હતો અને એન્થનીના ઘરનો દરવાજો ખુલ્લો હતો જેથી તેઓએ ફોન કરેલ અને પોલીસે આવીને તપાસ કરતાં અને આજુ બાજુ પુછતાં જાણવા મળેલ કે, વાસણોની ચોરી થયેલાનું માલુમ પડેલ તે સિવાય બીજી કોઈ હકીકત તેમને ખબર નથી અને ચોરી કોણે કરેલી તે પણ ખબર નથી. ફરીયાદપક્ષના સાહેદોનાં જણાવ્યા મુજબ સ્વાભાવીક રીતે બનાવ સમયે તેઓ હાજર ન હોય ચોરી કોણે કરી, કંઈ રીતે કરી, તે તેઓને ખબર હોય શકે નહી. સ્વાભાવીક રીતે ચોરીનાં ગુનામાં પ્રત્યક્ષ પુરાવો પણ હોય શકે નહી.

ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૯ થી ગુનાવાળી જગ્યાના પંચનામાં રજુ કરી તેના એક પંચને આંક–૨૮ થી સોંગદપર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આઠ દસ વર્ષ પહેલા પોલીસે તેમને ગાયત્રી સોસાયટીમાં બોલાવી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની હકીકતે કાંઈ જાણતા નથી. તેમજ તેમની હાજરીમાં પોલીસે કોઈ વ્યકિતની ફરીયાદી તરીકે ઓળખ કરાવી અને તેમની હાજરીમાં તેવી વ્યકિતએ ગુનાવાળી જગ્યા બતાવી હોય અને તેનુ વર્ણન પંચનામાની હકીકતે વિગતવારનું નોંધેલ હોય તેવુ પણ બનેલ નથી. આંક–૨૯ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ સિવાય સદર પંચનામાની હકીકતોને અન્ય કોઈ પણ રીતે સમર્થન આપેલ નથી.

ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૭ થી આરોપીએ વેચેલ મુદ્દામાલ સોનીની દુકાન બતાવ્યાના પંચનામાનાં પંચ સાહેદ નાસીરખાન ઉસ્માનખાન પઠાણને આંક–૩૬ થી તથા બીજા પંચ અજીતસીહ પ્રતાપસીંહ સોલંકીને આંક –૩૯ થી સોંગદપર તપાસેલા છે. તેઓએ પોતાની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કશું જાણતાં નથી કે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર કરેલ હોય કે કોઈ દુકાન બતાવવામાં આવેલ હોય તેમ બનેલ નથી. આંક–૩૭ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ સિવાય સદર પંચનામાંની હકીકતોને અન્ય કોઈ પણ રીતે સમર્થન આપેલ નથી.

જેથી ઉપરોકત પંચ સાહેદોને વિ.એ.પી.પી. શ્રી. ધ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગ્યા બાદ પંચનામાંનાં પંચોને પંચનામાંની હકીકતો સંદર્ભે ઉડાણ પૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમા પણ સદરહુ પંચોએ, પંચનામાની સમગ્ર હકીકતોનો

સંપૂર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને અંશ માત્ર પણ સમર્થન આપેલ નથી.

આમ, ઉપરોકત પંચોએ પંચનામાંમાં જણાવેલ હકીકતોથી બિલકુલ વિપરીત અને ખંડનાત્મક જુબાની આપતા હોય અને પંચનામાંની હકીકતોને સમર્થન આપતા ન હોય, ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ પુરાવા પણ ફરીયાદપક્ષનાં કેસને સાબીત કરવા ફરીયાદપક્ષને કોઈ પણ રીતે મદદરૂપ જણાઈ આવતા નથી.

ફરીયાદપક્ષે ધ્વારા આંક–૩૩,૪૧ થી ત.ક.અ.શ્રી. દલપતસીહ ભુલાજી ડાભી નાઓને સોંગદપર તપાસેલા છે. તેઓના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો જેઓએ હાલનાં ગુનામાં મુળ ફરીયાદીની ફરીયાદ નોંધી તેની આગળની તપાસ તેઓએ કરેલ. પોતાની પોલીસ તપાસ અંગેની તમામ હકીકતોનું વર્ણન કરેલ છે. પરંતુ તે સંદર્ભે જયારે ફરીયાદપક્ષનાં મુળભુત સાહેદોએ જ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેમજ પંચનામાનાં પંચોએ પણ પોતાની અદાલત સમક્ષની જુબાનીમાં પંચનામાંની કાર્યવાહીની હકીકતોને સમર્થન આપેલ ન હોય, આમ ફરીયાદપક્ષનાં મુળભુત પુરાવા ઉપરથી ફરીયાદપક્ષનો કેસ સાબીત થઈ આવતો ન હોય, ત્યારે આ સંજાગોમાં ફરીયાદપક્ષનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષને ત.ક.અ.શ્રીની જુબાની કોઈ પણ રીતે મદદરૂપ હોવાનું જણાઈ આવતુ નથી.

આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તરીકે એફ.એસ.એલ.નો પ્રાથમીક અહેવાલ, આરોપીએ વેચેલ મુદ્દામાલ સોનીની દુકાન બતાવ્યાના પંચનામાં, ક્રાઈમસીન વીજીટેશન રીપોર્ટ વાળા દસ્તાવેજી પુરાવાઓ બચાવપક્ષનાં વકીલશ્રીએ આંક આપવા સામે તેઓને વાંધો ન

હોય અને કબુલ રાખેલ હોય જેથી તે દસ્તાવેજી પુરાવા આ કામે અનુક્રમે આંક−૩૫, ૩૭, ૩૮ સુધી આપી રેકર્ડ ઉપર દાખલ કરવામાં આવેલા છે. પરંતુ તે દસ્તાવેજો સમર્થનકારક પુરાવો છે અને જો મુખ્ય અને મહત્વના સાહેદોનો મૌખીક પુરાવો ધ્યાને લેતાં તે વિશ્વાસજન્ય જણાતા ન હોય અને ફરીયાદપક્ષનાં કેસની હકીકતને તે આધારે સમર્થન મળતુ ન હોય ત્યારે આવા દસ્તાવેજી પુરાવા ઉપર માત્ર આધાર રાખી આરોપીઓને તકસીર વાન ઠરાવી શકાય નહી.

વધુમાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ સદરહુ મુદ્દામાલ હાલનાં ગુનાના કામનો અને મુળ ફરીયાદીને ત્યાંથી ચોરી કરેલ મુદ્દામાલ હોવાનો આક્ષેપ છે. પરંતુ તે હકીકત નોંધનીય કે, સદરહુ આરોપીઓને અટક કર્યા બાદ અને તેઓની પાસેથી ઉપરોકત નોંધ્યા મુજબના વિવિધ મુદ્દામાલ રીકવરી કે ડીસ્કવરી થયેલ હોય તેવો અંશ માત્ર પણ પુરાવો ફરીયાદપક્ષનાં સમગ્ર પુરાવાનાં રેકર્ડ ઉપર જણાઈ આવતા નથી. તેવી જ રીતે સદરહું મુદ્દામાલ પૈકી કોઈ પણ મુદ્દામાલ આ ગુનાના આરોપી નં.૪ નાએ ખરીદ કરેલ હોય અને તે ખરીદ કરતી વખતે તેવો મુદ્દામાલ ચોરીનો હોવાનું જાણવા છતાં ખરીદ કરેલ હોય, તે સંદર્ભેનો અંશ માત્ર પુરાવો ઉપસ્થિત રેકર્ડમાં નથી. આંક −૩૩,૪૧ વાળા ત.ક.અ.શ્રીએ બચાવપક્ષની ઉલટ તપાસ દરમ્યાન સ્વીકાર્યા મુજબ આ ગુનાનાં કોઈ પણ આરોપી પાસેથી કોઈ પણ મુદ્દામાલની રીકવરી કે ડીસ્કવરી કરેલ નથી. આ તમામ મહત્વની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ અને હાલનાં આરોપીઓ સામે લાગેલ આક્ષેપીત તહામેત અને હાલનાં આરોપીઓ સામે લાગેલ આક્ષેપીત ગુનાનાં મુળભુત આવશ્યક તત્વો પોતાના પુરાવા ઉપર આધાર રાખી વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં

નિષ્ફળ ગયેલ હોવાનું જણાઈ આવે છે. જેથી હાલનાં **મુદ્દા નં.૧** નો જવાબ આથી ''**નકારમાં**'' આપવામાં આવે છે.

**૧૩. મુદ્દા નં.૨ :–**

ઉપરોકત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ તમામ ચર્ચા અને મુલ્યાંકનને ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ અને આરોપીઓ સામે લાગેલ આક્ષેપ, પોતાના પુરાવા ઉપરથી પુરાવાઓની કળીઓને એક બીજાથી સાંકળી રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય, જેથી હાલનાં મુદ્દા સંદર્ભે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

**૧.** આ કામના આરોપીઓ નં.૧ નિશાર અનવર બદામ, રહે. રહેમત નગર, જી.ઇ.બી.ની સામે, ગોધરા,પંચમહાલ. નં.ર જુબેર યાકુબ મોહન, રહે. ગેની પ્લોટ, ઉમર મસ્જીદ સામે, વેજલપુર રોડ, ગોધરા,પંચમહાલ. નં.૩ અનવર બસીર હયાત, રહે. હયાતીની વાડી, શેખલા હાજીની વાડી, વ્હોરા ગ્રાઉન્ડની બાજુમાં,ગોધરા,પંચમહાલ. નં.૪ રૂપેશકુમાર કાંતીલાલ સોની, રહે. સોની વાડ, શ્રીમાળી શેરી, ગોધરા,પંચમહાલ નાઓને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) અન્વયે, ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ – ૪૫૭, ૩૮૦, ૪૧૧, ૪૧૩ સાથે વંચાણે લેતાં કલમ–૧૧૪ મુજબનાં ગુનામાં **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓનાં ટ્રાયલ માટે જો કોઈ જામીન ખત રજુ કરેલ હોય તો તે જામીનખત રદ કરવામાં આવે છે.

**૩.** આ કામમાં મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્દામાલ રૂા.૧૦૦/– ના દરની નંગ–૨૦ ચલણી નોટો, રૂા.૧૦૦/– ના દરની નંગ–

૧૦ ચલણી નોટો, સોનાની રણી, ચાંદીનુ ચોસલો, સોનાની રણી, સોનાની રણી, અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો તેનો કોઈ વચગાળાનો હુકમ થયેલ ના હોય તો અપીલ સમય બાદ તેની માલીકીની ખરાઈ કરીને યોગ્ય માલીકી ધરાવનાર વ્યકિતને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ દિન – ૧૦ માં રકમ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

**૫.** ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજી. શ્રી, પંચમહાલ, ગોધરાને ઈ–મેઈલથી અથવા યાદીથી મોકલી આપવી.

હુકમ આજ તા. ૧૭/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૭/૩/૨૦૨૬
ગોધરા.

**(રાજા રણછોડભાઈ પટેલ)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૯૨૨**

*Chimaji.